# માંગરોલની જી.એમ. પટેલ મદ્રેસા પ્રાથમિક શાળામાં શૈક્ષણિક પ્રવાસ યોજાયો.

માંગરોલ ખાતે આવેલી જી.એમ. પટેલ મદ્રેસા પ્રાથમિક શાળામાં ધો. ૩ થી ૮માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે એક શૈક્ષણિક પ્રવાસનું આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમા શાળાનાં ૧૩૫ જેટલાં વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.પ્રવાસ દરમિયાન વિદ્યાર્થીઓએ આલીપોર ખાતે આવેલ વસુધારા ડેરી, ધરમપુર ખાતે આવેલ સાયન્સ સેન્ટર, તારામંડળ, થ્રી-ડી શો, સાયન્ટીફિક ગાર્ડન અને તીથલનાં દરિયા કિનારા જેવા વિસ્તારોની મુલાકાત લઈ આનંદ મેળવ્યો હતો. આ પ્રવાસને સફળ બનાવ્વા માટે શાળાનાં આચાર્યા પ્રતિભાબેન અને શાળાનાં શિક્ષકોએ ભારે જેહમત ઉઠાવી હતી.

આચાર્ય
ગુ. મ. પ. મ. પ્રા. શાળા
મોટામિયાં માંગરોળ, જિ.સુરત.